**ફોજદારી કેસ નં.૩૬૦/૨૦૨૫**

==========================================================

**ભાણવડના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. ભાણવડ**

==========================================================

ફરીયાદી............... શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી............મહેશભાઈ ભીખાભાઈ ચાસીયા

રહે.વિજયપુર રોડ ગૌશાળાની ગેટની સામે ભાણવડ, તા. ભાણવડ

**-: આંક-૧ તળે હુકમ :-**

આરોપી સામે પ્રોહીબીશન કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હાનો આરોપ છે. આરોપીની ઉપરોકત મુજબની પ્લી લેતા આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે અને તેઓએ કબુલાત પુરશીસમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે. આ ગુન્હા બદલ પ્રાયશ્ચિત વ્યકત કરે છે. ફરી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેઓ ગરીબ અને બાળ બચ્ચાવાળા હોય અને તેમના કુટુંબની જવાબદારી તેમના માથે હોય દયા રાખી હળવી શીક્ષા કરવા વિનંતી કરેલી છે. આરોપીને ગુન્હાની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતા આરોપીએ ગુન્હો કબુલ રાખેલ હોય તેની સ્વૈચ્છીક કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. આરોપીની ઉપકરોકત રજુઆતોને ધ્યાને લેતા તેમજ આરોપી ઉપર રહેલી અન્ય જવાબદારી તથા કુટુંબના ભરણપોષણની જવાબદારી ધ્યાને લેતા જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેની અસર તેના કુટુંબ ઉપર થાય તેમ છે. જેથી મજકુર હકીકત તેમજ આરોપીની સ્થીતી ગુન્હાની ગંભીરતા તથા નામદાર વડી અદાલતના ૨૦૦૫(૧) જી.એલ.આર. સ્ટેટ ઓફ ગુજરાત વી. નટવરજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: **હુકમ** ::-

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૨૭૫ અન્વયે પ્રોહીબીશન કલમ-૬૬(૧)(બી) અન્વયે ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/- (અંકે રૂપીયા બસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીએ દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા હુકમ જાહેર કર્યો.

સ્થળ : ભાણવડ

તા. ૦૭/૦૪/૨૦૨૬

(સી.એચ.માંડલિયા)

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

ભાણવડ

(જી.જે.૦૧૬૮૮)

**દંડ રજી. નં..........પહોંચ નં.............થી**

**રૂા.૨૦૦/- (અંકે રૂપીયા બસો પુરા) જમા લીધા.**

**નાઝીર**